ઓલપાડ તાલુકામાં ૮મી સપ્ટેમ્બરના રોજ મેગા મેડિકલ ફ્રી કેમ્પ યોજાશે

પીએમ મોદી વર્ચ્યુઅલ સંબોધન કરશે : મેડિકલ કેમ્પમાં ૫૦ હજારથી વધુ લાભાર્થીઓ ભાગ લેશે

મંત્રી મુકેશ પટેલે ઓલપાડમાં થયેલા ૧૦ વર્ષના વિકાસલક્ષી કાર્યોની રૂપરેખા આપી

(પ્રતિનિધિ દ્વારા),સુરત,તા.૬:

ઓલપાડના ધારાસભ્ય અને પેટ્રોકેમિકલ્સ અને એનર્જી સહિત એગ્રીકલ્ચર સહિતનાં રાજ્યમંત્રી મુકેશ પટેલ દ્વારા છેલ્લાં ૧૦ વર્ષમાં ૩ હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિકાસનાં કાર્યોની રૂપરેખા રજુ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૮મી સપ્ટેમ્બરના રોજ તાલુકામાં વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લાં ૧૦ વર્ષમાં ઓલપાડ તાલુકાની કાયાપલટનું ચીતાર્થ પણ રજુ કરતા મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ઓલપાડમાં સિંચાઈ, પીવાના પાણી, વિજળી સહિતનાં મૂળભૂત પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઓલપાડ તાલુકામાં જ્યાં પહેલા ઉનાળું અને ચોમાસામાં ડાંગર મળીને માત્ર ૩ હજાર હેક્ટરમાં વાવેતર થતું હતું, તે વધીને હવે ૭ હજાર હેક્ટરને પાર કરી ગયો છે. જેમાં સંભવતઃ પહેલી વખત કોઈ તાલુકાલક્ષી કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી જોડાશે. આ અવસરે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત તા. ૮મી સપ્ટેમ્બરના રોજ ઓલપાડમાં મેગા મેડિકલ ફ્રી કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં ૫૦ હજારથી વધુ લાભાર્થીઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવશે. જે લાભાર્થીઓને ઓપરેશન માટેની આવશ્યકતા જણાશે, તેને સુવિધા પણ આપવામાં આવશે. આ ઉપરાંત ઓલપાડ તાલુકાના પેજ કમિટીના કાર્ડ વિતરણનો કાર્યક્રમ પણ યોજાશે.

સણિયા હેમાદ ગામમાં ૧૦ દિવસ પહેલા લાગેલી આગમાં થયેલો ચોંકાવનારો ખુલાસો

પૂર્વ કારીગરે ગોડાઉનમાં આગ લગાડી રૂ. ૭૮ લાખનું નુકસાન કર્યું હતું

વતન જવા માટે એડવાન્સ રૂ. ૧૦ હજાર માલિકે ન આપતા આગ લગાડી હતી

(પ્રતિનિધિ દ્વારા),સુરત,તા.૬:

સણિયા હેમાદ ગામમાં ૧૦ દિવસ પહેલા કાપડના ગોડાઉનમાં આગ ફાટી નીકળવાના પ્રકરણમાં નવું વળાંક આવ્યું છે. પોલીસ તપાસમાં ગોડાઉનમાં કામ કરતા કારીગરે આગ લગાડી માલિકને રૂ. ૭૮ લાખનું નુકસાન પહોંચાડ્યું હોવાનું બહાર આવ્યું છે.

યોગીચોક, પુષ્કર હાઈટ્સમાં રહેતા અશ્વિન જીવરાજભાઈ રૈયાણી સણિયા હેમાદ ગામમાં શુભમ ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૨માં કાપડનું ગોડાઉન ધરાવે છે. ૧૦ દિવસ અગાઉ તેમના ગોડાઉનમાં સવારે આગ લાગતા ભાગદોડ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને કારણે ગોડાઉનમાં મુકેલો કાપડનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, આ અંગે સરથાણા પોલીસે તપાસ શરૂ કરી હતી. સીસીટીવી ફુટેજો ચેક કરતા આ ઘટનામાં નવો વળાંક સામે આવ્યો છે. જેમાં પોલીસે સીસીટીવી ફુટેજમાં શંકાસ્પદ વ્યક્તિનો ફુટેજ અશ્વિનભાઈના પુત્ર કૃણાલને બતાવ્યો હતો. કૃણાલે ફુટેજમાં દેખાયેલા વ્યક્તિની ઓળખ કરી હતી. આ કારીગર યુપીના બસ્તી જિલ્લાનો વતની અને હાલ સણિયા હેમાદ ગામમાં રહેતો એજાઝ અહેમદ હોવાનું જણાવ્યું હતું. એજાઝ બે મહિના અગાઉ ગોડાઉનમાં કામ કરતો હતો અને વતન જવાનું કહી તેણે નોકરી છોડી દીધી હતી. જોકે, પગાર કરતા વધારાના રૂ. ૧૦ હજારની માંગણી કરી હતી, પરંતુ કૃણાલે રૂ. ૫ હજાર વધારાના આપ્યા હતાં, જેથી કારીગર ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ગોડાઉનમાં જઈ ઈન પ્રોસેસ સ્ટોક ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ લગાડી રૂ. ૭૮ લાખનું નુકસાન કર્યું હતું.

ગંદકી અને ગટરના પાણીથી ભરાયેલું છે આ તળાવ

બોપલ તળાવની બિસ્માર હાલત, બગીચો પણ ગટરના પાણીમાં ડૂબી ગયો

ગંદકી એટલી છે કે સ્થાનિકોને રોગચાળો ફાટી નીકળવાનો ભય છે, તળાવમાંથી આવતી દુર્ગંધ રહીશો માટે માથાના દુઃખાવા સમાન છે

અમદાવાદ,તા.૬



શહેરમાં આમ તો ઘણાં નાના-મોટા તળાવો આવેલા છે, પરંતુ તેમાંના મોટાભાગના શોભાના ગાંઠિયા સમાન છે. નાગરિકો માટે તે તળાવ ઉપયોગી સાબિત થવા કરતા નુકસાનકારક વધારે સાબિત થાય છે. તેમાંનું એક ઉદાહરણ છે બોપલ વિસ્તારનું એકમાત્ર તળાવ. આ આખું તળાવ ગંદકી અને ગટરના પાણીથી ભરાયેલું છે. પાંચ હેક્ટર સુધી ફેલાયેલા આ તળાવમાં દરરોજ સવારે એટલી દુર્ગંધ આવે છે કે નજીકની સોસાયટીમાં રહેતા લોકો પરેશાન થઈ જાય છે. લગભગ એક દશક પહેલા અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી તરફથી વચન આપવામાં આવ્યુ હતું કે આ તળાવના પુનર્રુત્થાનનું કામ હાથ ધરવામાં આવશે. આટલુ જ નહીં, લેક ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટના ભાગ રુપે વરસાદી પાણીની લાઈનો નાખવા માટે પાંચ કરોડ રુપિયાનો ખર્ચ પણ કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા વચન આપવામાં આવ્યું પણ કહી શકાય કે થોડા જ વર્ષોમાં તેના પર જાણે પાણી ફરી વળ્યું. બોપલ તળાવ એક ગંદકીનું સ્થળ બની ગયું. સોસાયટીઓ દ્વારા ગટરની લાઈન આ વરસાદી પાણીના લાઈન સાથે જોડવાને કારણે તળાવની સંપૂર્ણ કાયાપલટ થઈ ગઈ. હવે સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે ૨-૩ વરસાદમાં તો તળાવ છલોછલ ભરાઈ જાય છે. તળાવની આસપાસ તૈયાર કરવામાં આવેલા બાળકોને રમવા માટેના વિસ્તારમાં તેમજ ચાલવા માટે તૈયાર કરવામાં આવેલા ટ્રેક પર પણ પાણી ભરાઈ જાય છે. મેડિટેશન માટે જે એક સ્થળ તૈયાર કરવામાં આવ્યું છે ત્યાં પણ પાણી ભરાઈ જાય છે. લોકો માટે આ તમામ સુવિધાઓ કોઈ કામની નથી રહેતી. જે લોકોએ વિસર્જન માટે ભગવાન ગણેશની મૂર્તિને બોપલ તળાવમાં લઈ જવાની તૈયારી કરી હતી તેમણે પણ તળાવની સ્થિતિ અને ગંદકી જોઈને બાપ્પાનું વિસર્જન પોતાના ઘરમાં જ બકેટમાં કરવાનો નિર્ણય લીધો હતો. ડીપીએસ સ્કૂલ નજીક રહેતા એક બેન્ક અધિકારી મયંક પાંડે જણાવે છે કે, બોપલ વિસ્તારના મોટાભાગના લોકો ચાલવા માટે અથવા તો બાળકોને લઈને ઘુમા લેક જતા હોય છે, જે લગભગ પાંચ કિમી દૂર છે. ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે.

આ વિસ્તારમાં રહેતા હાર્દિક લાખાણી જણાવે છે કે, અહીં ગંદકીને કારણે મચ્છર એટલા વધી ગયા છે અને મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગ ફેલાવવાનો ભય પણ રહે છે. બોપલ તળાવની આસપાસની સોસાયટીમાં રહેતા લોકોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ઘણી વાર આ બાબતે ફરિયાદ કરી છે. હાર્દિક લાખાણી જણાવે છે કે, અમે છસ્ઞમાં ફરિયાદ કરી છે, પરંતુ અત્યાર સુધી કોઈ જ કામગીરી હાથ ધરવામાં નથી આવી. સ્થાનિકોનો આરોપ છે કે પાછલા પાંચ વર્ષથી અહીંની સ્થિતિ આવી છે. ગત સપ્તાહમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે તંત્રને ચેતવણી આપી હતી કે, જો આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહીં આવે તો વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે, બોપલ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો મતવિસ્તાર છે.

માત્ર ૧.૦૬ મીટર જ ડેમની મહત્તમ સપાટીથી દૂર છે

સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૭.૦૮ મીટર થઈ

નર્મદા ડેમની મહત્તમ જળ સપાટી ૧૩૮.૬૮ મીટર છે, તેમજ ૧૨૦૦ મેગાવોટનું રીવરબેડ પાવરહાઉસ સતત ૨૪ કલાક ચાલી રહ્યું છે

કેવડિયા,તા.૬

આજે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ફરી વધારો થયો છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૭.૮ મીટર થઇ ગઇ છે. નર્મદા ડેમમાં ૯૬,૮૬૬ ક્યુસેક પાણીની આવક થઇ રહી છે. નર્મદા નદીમાંથી ૬૫,૩૧૪ ક્યુસેક પાણીની જાવક થઇ રહી છે. આ સાથે નર્મદા ડેમના બે દરવાજા ૦.૩૫ સેમી ખોલીને ૧૦,૦૦૦ ક્યુસેક છોડવામાં આવી રહ્યુ છે. નોંધનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ જળ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. તેમજ ૧૨૦૦ મેગાવોટનું રીવરબેડ પાવરહાઉસ સતત ૨૪ કલાક ચાલી રહ્યું છે. જેમાંથી રોજનું વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. નોંધનીય છે કે, બે વર્ષે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૭ મીટર પાર કરી ગઇ છે. જેના કારણે નર્મદા ડેમમાં પાણીનો કુલ સ્ટોરેજ જથ્થો ૫૨૩૪.૧૦ મિલિયન ક્યુબિક મીટર થઈ ગયો છે. હવે માત્ર ૧.૦૬ મીટર જ ડેમની મહત્તમ સપાટીથી દૂર છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં ઉપરવાસમાં આ વખતે ખૂબ સારો વરસાદ પડતો હતો. જેના કારણે નર્મદા ડેમના દરવાજા ખોલીને સતત પાણી છોડવામાં આવી રહ્યું છે. ત્યારે હવે સરદાર સરોવર નર્મદા ડેમ પર પાણીની આવક થઈ રહી છે. ત્યારે ડેમની જળ સપાટી સિઝનમાં પ્રથમ વખત ૧૩૭ પાર કરી ૧૩૭.૦૮ મીટર થઈ ગઈ છે. હાલ મંત્રીઓની નર્મદામાં વધતી વિઝીટ અને તૈયારીઓ ભાગ રૂપે આગામી ૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડિયા આવવાની શક્યતા છે.

મળતી માહિતી પ્રમાણે, બે દિવસના પ્રવાસને લઈને તડામાર તૈયારીઓ ચાલુ કરવામાં આવી રહી છે. જે ૧૭મી સપ્ટેમ્બર એટલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગુજરાત રાજ્ય તેમને નર્મદાના પાણી છલોછલ ભરીને ભેટ અપાશે. તે દિવસે નર્મદાના નિરના વધામણાંનો પણ કાર્યક્રમ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે એવી હાલ તૈયારીઓ ચાલી રહી છે.

ટેમ્પો ટ્રાવેલર ડમ્પર પાછળ ઘૂસી જતા અકસ્માત

લીંબડી-અમદાવાદ હાઈવે પર અકસ્માતમાં ત્રણનાં મોત

રાજ્યમાં વધુ એક અકસ્માતે ત્રણ લોકોનો ભોગ લીધો છે, અકસ્માતમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે

અમદાવાદ,તા.૬

રાજ્યમાં વધુ એક અકસ્માતે ત્રણ લોકોનો ભોગ લીધો છે. અકસ્માતમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ બનાવ લીંબડી-અમદાવાદ હાઈવે પર બન્યો છે. મળતી માહિતી પ્રમાણે કાનપરા પાટીયા પાસે રાત્રે અકસ્માત સર્જાયો છે. જેમાં એક ટેમ્પ ટ્રાવેલર એક ડમ્પર પાછળ ઘૂસી ગયું હતું. આ બનાવમાં ત્રણ વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે એક વ્યક્તિને ગંભીર રીતે ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધારે તપાસ આદરી છે. અકસ્માત અંગેની જે તસવીરો સામે આવી છે તે ખરેખર ડરાવનારી છે. ટેમ્પો ટ્રાવેલરમાં સવાર ત્રણેય વ્યક્તિનાં સીટ પર જ મોત નીપજ્યા હતા. બીજી તરફ ટેમ્પો ટ્રાવેલરના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો. બીજા એક બનાવમાં અરવલ્લીમાં માલપુરનગરમાં સ્ટેટ હાઈવે પર બાઈક ચાલકનું મોત થયું છે. યુવક બાઈક લઈને અંબાજી જવા માટે નીકળ્યો હતો. આ દરમિયાન બસ સ્ટેન્ડ પાસે યુવકના બાઈકનું એન્જિન લોક થઈ ગયું હતું, જે બાદમાં યુવક નીચે પટકાયો હતો. આ બનાવમાં અન્ય એક યુવક પણ ઈજાગ્રસ્ત થયો હતો. બનાવ બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવકની લાશને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી હતી. પ્રાથમિક તપાસમાં યુવક દાહોદ જિલ્લાનો વતનો હોવાની વાત સામે આવી હતી.

રાજેન્દ્રસિંહ પરમારને ૯ મત મળ્યા છે

અમૂલ ડેરીના વાઈસ ચેરમેનની ચૂંટણીમાં રાજેન્દ્ર પરમારનો વિજય

૨૦૨૦માં આણંદ અમૂલ ડેરીના વહીવટી માળખાના ૧૩ સભ્યોની ચૂંટણી થઈ હતી, જે ચૂંટણી બાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઇ હતી

ખેડા,તા.૬

અમૂલ ડેરીના વાઇસ ચેરમેનની ચૂંટણીની મતગણતરી આજે હાથ ધરવામાં આવી હતી. હવે અમુલ ડેરીના વાઇસ ચેરમેન પદે કોંગ્રેસના ધારાસભ્યા રાજેન્દ્ર પરમારનો વિજય થયો છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૦માં અમુલમાં સરકાર દ્વારા મુકાયેલા સરકારી પ્રતિનિધિઓના મતના વિવાદ બાદ કાનૂની કાર્યવાહીને કારણે મત ગણતરી સ્થગિત કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના નિર્ણય બાદ હવે સ્થગિત કરાયેલી મત ગણતરી કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, રાજેન્દ્રસિંહ પરમારને ૯ મત મળ્યા છે. જ્યારે રાજેશ પાઠકને ૬ મત મળ્યા છે. જેથી રાજેન્દ્રસિંહ પરમારનો ૩ મતે વિજય થયો છે. છેલ્લી ત્રણ ટર્મથી વાઇસ ચેરમેન પદે રાજેન્દ્રસિંહ પરમાર ચૂંટાઇ રહ્યા છે. ૨૦૨૦માં ચેરમેન વાઇસ ચેરમેન પદની ચૂંટણી યોજાઇ હતી. સરકારી પ્રતિનિધિની નિમણૂકથી મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો હતો. આણંદ અમૂલની વર્ષ ૨૦૨૦માં યોજાયેલ સામાન્ય ચૂંટણી બાદ સરકારે અમૂલના વહીવટી માળખામાં ત્રણ સરકારી પ્રતિનિધિની નિમણૂંક કરી હતી.

મારા કેટલાક કાર્યક્રમમાં નકલી ખેડૂતો બેસાડાય છે:આચાર્ય દેવવ્રત

સુરેન્દ્રનગર, તા.૬

ગઈકાલે શિક્ષણ દિન નિમિત્તે સુરેન્દ્રનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યપાલે સામે બેઠેલી મહિલાઓને અચાનક જ સવાલ પૂછ્યો હતો. ખેડૂતો સાથેની ગોષ્ઠિમાં રાજ્યપાલે પૂછ્યું કે "સામે બેઠેલામાંથી ખેતી કેટલા લોકો કરે છે?"ઘણી આંગળીઓ ઊંચી હતી રાજ્યપાલ ખુશ થયા હતા અને અગાઉના કાર્યક્રમની ઘટનાઓને યાદ કરતાં કહ્યું હતું કે અધિકારીઓ મારી સામે નકલી ખેડૂતોને બેસાડી દે છે. કેટલાક ખેતીના કાર્યક્રમમાં તો સખીમંડળની બહેનોને બેસાડી દે છે. માટે આજના સુરેન્દ્રનગરના કાર્યક્રમમાં રાજ્યપાલે ખરાઈ કરી કે વાસ્તવમાં સામે ખેડૂતો બેઠા છે કે નકલી(અન્ય) કોઈને અધિકારીઓએ બેસાડ્યા છે. જે લોકો ખેતી કરે છે તે લોકો હાથ અધ્ધર કરે, વાહ! આભાર તમારા માટે હું તાળીઓ પાડુ છું.. આનાથી એ સાબિત થાય છે કે આજના આ કાર્યક્રમમાં વહીવટી તંત્રએ નકલી ખેડૂતો ભેગા નથી કર્યા. બધા સાચા ખેડૂતો બેસાડ્યા છે. મારી સાથે ગરબડ થઈ જાય છે કેટલીક જગ્યાએ.

ફોર્મ જી

રસ ધરાવતા અભિવ્યક્તિ માટે આમંત્રણ

નાદારી અને નાદારી (નિયમન પ્રક્રિયામાં કોર્પોરેટ વ્યક્તિઓ માટેના નિરાકરણ પ્રક્રિયા) નિયમો ૨૦૧૬ની નિયમ ૩૬ એ (૧) હેઠળ

સંબંધિત વિગતો

1	કોર્પોરેટ દેવાદારનું નામ	**ડીએનબી ઇમ્પેક્ષ પ્રાઇવેટ લિમિટેડ**
2	કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ	07.07.2005
3	સત્તાધિકાર હેઠળ કોર્પોરેટ દેવાદાર શામેલ/નોંધાયેલ	કંપની એક્ટ ૧૯૫૬ અંતર્ગત પંજીકૃત કંપની, અમદાવાદ, ભારત
4	કોર્પોરેટ ઓળખ નંબર	U17290GJ2005PTC046386
5	નોંધણી કચેરીનું સરનામું અને કોર્પોરેટ દેવાદારની મુખ્ય કચેરી (જો કોઇ હોય તો)	પ્લોટ નં. ૧૮/એ/બી/સી, બ્લોક નં. ૨૦૫ અને ૨૧૯, સહેલી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગામ- કરંજ, તાલુકા : માંડવી સુરત ગુજરાત-૩૯૪૩૧૧
6	કોર્પોરેટ દેવાદારની નાદારી નોંધાયેલી તારીખ	22.07.2022 (Copy of order received on 26.07.2022)
7	રસના અભિવ્યક્તિના આમંત્રણની તારીખ	07.09.2022
8	કોડની કલમ ૨૫(૨) એચ હેઠળ ઠરાવ માટે અરજદારોની પાત્રતા	ઇમેલ દ્વારા વિનંતી પર પ્રદાન કરવામાં આવશે iptejaskshah@gmail.com
9	કલમ ૨૯ એ હેઠળ અયોગ્યતાના ધોરણો	ઉપર આપેલ ૮ નંબર મુજબ
10	એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ મેળવવાની છેલ્લી તારીખ	22.09.2022
11	સંભવિત ઠરાવ અરજદારોની અસ્થાયી સુચી જારી કરવાની તારીખ	27.09.2022
12	અસ્થાયી સુચિના વાંધાઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	01.10.2022
13	સંભવિત ઠરાવ અરજદારોની અંતિમ સુચી જારી કરવાની તારીખ	06.10.2022
14	માહિતી મેમોરેન્ડમ, સંભવિત ઠરાવ અરજદારોને રિઝોલ્યુશન પ્લાનની વિનંતીની તારીખ આરએફઆરપી	01.10.2022
15	રીઝોલ્યુશન પ્લાન, મુલ્યાંકન મેટ્રિક્સ, માહિતી મેમોરેન્ડમ અને વધુ માહિતી માટે અરજીઓ મેળવવાની રીત	તમામ પાત્ર સંભવિત RA ને તેમના ઇમેલ આઇડી પર દસ્તાવેજો મોકલવામાં આવશે. વધુ માહિતી માટે, RA એ RP ને તેમના ઇમેલ આઇડી પર વિનંતી કરશે
16	રિઝોલ્યુશન યોજનાઓ માટે સબમિશનની છેલ્લી તારીખ	04.11.2022
17	રઝોલ્યુશન માટે રિઝોલ્યુશન યોજનાઓ રજુ કરવાની રીત	ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં અને/અથવા સ્પીડ પોસ્ટ દ્વારા અથવા સીલબંધ કવરમાં હેન્ડ ડિલિવરી દ્વારા
18	સબમિટ કરવા માટેની અંદાજિત તારીખ એડજ્યુડિકેટિંગને ઠરાવ કરવાની યોજના મંજુરી માટે અધિકાર	18.11.2022
19	રજીસ્ટ્રેશન નંબર અને નામ રિઝોલ્યુશન પ્રોફેશનલ	સીએ તેજસ શાહ Reg. No. IBBI/IPA-001/IP-P00089/2017-18/10185
20	વ્યાવસાયીકો કે બોર્ડ સાથે નોંધાયેલ નામ અને સરનામું અને ઇમેલ	સીએ તેજસ કે. શાહ સરનામુ : બી-૨૦૧, નારાયણ કૃપા એવેન્યુ, પ્રેરણાતિર્થ દેરાસર, જોધપુર સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫ Email Id: tejasshah44@yahoo.com
21	સરનામુ અને ઇ-મેલ હાલનું રિઝોલ્યુશન પ્રોફેશનલ	સરનામુ : ૯બી, વર્ધન ટાવર, વિમલ હાઉસ નજીક, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪ Email: iptejaskshah@gmail.com
22	વધુ વિગતો અહીં અથવા તેની સાથે ઉપલબ્ધ છે	કોઇ પણ પ્રકારના માહિતી માટે ઇમેલ iptejaskshah@gmail.com
23	ફોર્મ જી પ્રકાશિત થવાની તારીખ	07.09.2022

તારીખ : ૦૭.૦૯.૨૦૨૨
સ્થળ : અમદાવાદ

ફોર, ડીએનબી ઇમ્પેક્ષ પ્રાઇવેટ લિમિટેડ (ઇન સીઆઇઆરપી)
સીએ તેજસ શાહ
રિઝોલ્યુશન પ્રોફેશનલ
IBBI Reg No: IBBI/IPA-001/IP-P00089/2017-18/10185
૨૪/૧૧/૨૦૨૨ સુધી માન્ય

સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ

પ્રબોધસ્વામીના શિષ્યએ મહાદેવનું અપમાન કરીને માંગી માફી

વીડિયોમાં આનંદ સાગર પ્રબોધ સ્વામીની હાજરીમાં જ બોલી રહ્યા છે કે, આત્મીય વિદ્યાધામની ધરતી પર એક દીકરો રહે છે

વડોદરા,તા.૬

સોખડા હરિધામના પ્રબોધસ્વામીના શિષ્ય આનંદસાગરનો એક વીડિયો હાલ વાયરલ થઇ રહ્યો છે. જેમા તે ભગવાન શિવનું અપમાન કરી રહ્યા છે. જેના કારણે સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજ સહિત સામાન્ય લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. આનંદસાગરે અમેરિકામાં આવું નિવેદન આપ્યું છે. આ વીડિયો વાયરલ થયા બાદ ગુરુ પ્રસાદ સ્વામીએ જણાવ્યુ હતુ કે, એમનાથી ભુલ થઇ છે. તેમને માફી માગવાનું કહેવામાં આવ્યુ છે. અમેરિકાના ન્યુ જર્સી ખાતે તાજેતરમાં પ્રબોધસ્વામી જૂથ દ્વારા યોજાયેલી સુહૃદયમ પરિવાર શિબિરનો એક વીડિયો યુ ટયુબ ઉપર 'અક્ષરયાત્રા' નામના એકાઉન્ટથી પોસ્ટ કરવામાં આવ્યો છે. જેમાં આનંદસાગર સ્વામીએ શિવ પર વિવાદિત નિવેદન આપ્યું છે. વીડિયોમાં આનંદ સાગર પ્રબોધ સ્વામીની હાજરીમાં જ બોલી રહ્યા છે કે, આત્મીય વિદ્યાધામની ધરતી પર એક દીકરો રહે છે. નિશિથ એનું નામ છે. કચ્છનો છે. જ્યારથી આત્મીય વિદ્યાધામ પર રહેવા આવ્યો છે. ત્યારથી એને ગુરુહરી પ્રબોધ સ્વામીએ એમને અઢળક દર્શન આપ્યા છે. કદાચ આખું પુસ્તક ભરાય એટલા બધા તેને અનુભવો અને દર્શન છે. એમા ગયા મહિને થોડા દિવસ પહેલા જ એને દર્શન આપ્યા, પ્રબોધ સ્વામીજીએ. આત્મીય વિદ્યા ધામની ધરતી પર પ્રબોધ સ્વામી રૂમમાં હતા અને નિશિથભાઇને બોલાવ્યા અને કીધું કે જા એવીડીના મેઇન ગેટ પાસે જા. બીજી કોઇ આજ્ઞા હતી નહી એટલે નિશિથ ભાઇ ત્યાં ગયા. જ્યાં મેઇન ગેટ હતો અને ગેટની બહાર શિવજી ઉભા હતા. તેમણે આગળ જણાવ્યુ કે, નિશિથભાઇએ વર્ણન કર્યુ કે, આપણે પિક્ચરમાં કેવી રીતે જોઇએ એવી રીતે શિવજી જટાવાળા, નાગ પહેરેલા, રૂદ્રાક્ષની માળા પહેરેલી, ત્રિશુલ હાથમાં, આપણે ટીવીમાં જોઇએ છે એમ બધી પ્રોપર્ટી સાથે વ્યવસ્થિત ઉભા હતા. પછી નિશિથભાઇએ પ્રાર્થના કરી કે, આપ અહીં સુધી આવ્યા છો તો અંદર પધારો જેથી પ્રબોધસ્વામીજીના આપને દર્શન થઇ જાય. ત્યારે શિવજીએ કીધુ કે, પ્રબોધ સ્વામીના દર્શન મને થાય એવા હજી મારા પુણ્ય જાગૃત થયા નથી. પણ મને તમારા દર્શન થઇ ગયા એ મારા અહોભાગ્ય છે. એમ કહી, એટલુ વાક્ય બોલી અને શિવજીએ નિશિથભાઇના ચરણસ્પર્શ કરી અને ત્યાંથી જતા રહ્યા. ઉલ્લેખનીય છે કે શિવજીનું આ અપમાન પ્રબોધ સ્વામીની હાજરીમા જ થઇ રહ્યુ છે અને પ્રબોધસ્વામી આ બધુ સાંભળી રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ ગુરૂપ્રસાદ સ્વામી એમનાથી ભુલ થઇ છે, તેમને માફી માગવાનું કહેવામાં આવ્યુ છે તેમ જણાવતો વીડિયો પણ સામે આવ્યો છે. આ નિવેદનો બાદ મીડિયાએ આનંદ સાગર અને નિશિથને સંપર્ક કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમનો ફોન સ્વિચ ઓફ કરી દીધા હતા. દેવોના દેવ મહાદેવનું અપમાન કરનાર પ્રબોધ સ્વામીના શિષ્ય આનંદસાગરનો ફોન પર સંપર્ક કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો પરંતુ તેનો ફોન સ્વિચ ઓફ હતો. બીજી તરફ આનંદ સાગર નામનો આ વ્યક્તિ તેના વક્તવ્યમાં જે નિશિથ નામના વ્યક્તિનો ઉલ્લેખ કરે છે તેનો ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો. આનંદસ્વામીએ આ વિવાદ વકરતા માફી માંગી છે. તેમણે કહ્યુ છે કે, મારી ભુલ થઇ ગઇ છે. તમામ શિવભક્તોનું હું માફી માંગુ છું.

પાટણમાં લુડો રમવાની લતના કારણે થઈ ગઈ બબાલ

દીકરાએ પિતાના મિત્ર પર કરી દીધો તલવારથી હુમલો

ફરિયાદ મુજબ ભોપાજી અને મુકેશ મંદિરની બહાર ઓનલાઈન લુડો ગેમ રમી રહ્યા હતા અને ત્યારે સંજય ત્યાં આવી પહોંચ્યો હતો

અમદાવાદ,તા.૬

મિત્રના ૧૮ વર્ષના દીકરા પર તલવારથી હુમલો કર્યા બાદ એક ૨૯ વર્ષના વ્યક્તિ માટે એક મિત્ર સાથે લુડો રમવાનું અશક્ય બની ગયું છે. સંજય ઠાકોર દ્વારા આવેશમાં આવીને મુકેશ ઠાકોર પર કથિત હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના બની છે, તેના પિતાની લૂડ રમવાની આદત આ માટે જવાબદારી બની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઘટના ઉત્તર ગુજરાતના પાટણમાં રવિવારે બની હતી. ઘાયલ થયેલા મુકેશે સારવાર દરમિયાન તલવારના કારણે પડેલા ઘાને ભરવા માટે ૧૫ ટાંકા લેવા પડ્યા હતા. આ મામલે સંજય સામે પાટણ શહેર પોલીસના એ ડિવિઝિનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ ભોપાજી અને મુકેશ મંદિરની બહાર ઓનલાઈન લુડો ગેમ રમી રહ્યા હતા અને ત્યારે સંજય ત્યાં આવી પહોંચ્યો હતો, આ પછી તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી શરુ થઈ હતી. જેમાં સંજયે આવેશમાં આવીને મુકેશ પર તલવાર વડે હુમલો કરી દીધો હતો. મુકેશની ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, "સંજયે મારા પર તેમના પિતાને ખોટું શીખવવાનો અને બગાડવાનો આરોપ લગાવ્યો છે. મારા કારણે તેના પિતાને લૂડનો લત લાગી હોવાનું કહીને તેણે મને ગાળો આપવાનું શરુ કર્યું હતું. મેં સંજયને જણાવ્યું હતું કે હું તેના પિતાના આગ્રહના કારણે જ ગેમ રમતો હતો. મુકેશે ફરિયાદમાં એમ પણ જણાવ્યું છે કે જ્યારે ભોપાજીએ સંજયને પોતાના મિત્ર સાથે ખરાબ વ્યવહાર બંધ કરવા કહ્યું તો તે આવેશમાં આવીને ઘરે જતો રહ્યો હતો, અને તલવાર લઈને પાછો આવ્યો હતો. તેણે મને મારવા માટે મારા માથા પર તલવારથી વાર કર્યો હતો. જ્યારે મેં તેને રોકવાની કોશિશ કરી તો તેણે મારી આંગળી કાપી નાખવાની કોશિશ કરી હતી. તેણે મારા હાથ કાપી નાખવાની પણ ધમકી આપીને કહ્યું કે જો આમ થયું તો તે ક્યારેય તેના પિતા સાથે લુડો રમી શકશે નહીં. મુકેશના ભાઈ કલ્પેશે જણાવ્યું કે મુકેશને હુમલામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર માટે પાટણ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, અહીં જ સંજય સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.